### GNLU ખાતે લૉ રિલેટેડ ટુ વુમન સિમ્પોઝિયમનું આયોજન કરાયું

# સમાજમાંથી નૈતિક મૂલ્યો ઘટી રહ્યાં છે એટલે સાક્ષીઓ ફરી જાય છે : ડૉ. જ્યોત્સના યાજ્ઞિક

મહિલાઓને કાયદો પૂરે પુરી રીતે મદદ કરવા તૈયાર છે માત્ર તેઓને માઈન્ડ સેટ બદલવાની જરૂર છે. જ્યાં સુધી તેઓ માઈન્ડ સેટ ચેન્જ ન થાય ત્યાં સુધી કોઈ પણ વિક્ટિમને કાયદો મદદ ન કરી શકે. મહિલાઓને જો કાયદાની મદદ લેવી હોય તો તેઓએ કાયદાને પણ એટલીજ નિખાલસતાથી કાયદાને સપોર્ટ કરવું જોઈએ. આજે ઘણાં કિસ્સાઓમાં સાક્ષીઓ ફરી જતાં હોવાના બનાવો આપણી સમક્ષ આવતા હોય છે. આવા સંજોગોમાં સાક્ષીઓ અને વિક્ટીમ્સને સુરક્ષા કોર્ટે સુરક્ષા પુરી પાડવી જોઈએ તેમ આજે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે લૉ રિલેટેડ ટુ વુમન એન્ડ ઈન્ફ્લુઅન્સ ફેક્ટર ઉપર એક દિવસીય યોજાયેલ સિમ્પોઝિયમ દરમિયાન ભૂતપૂર્વ જજ ડૉ જ્યોત્સના યાજ્ઞિકે જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે આપણી સોસાયટીઝમાં મોરલ વેલ્યૂઝ અપનાવવાની જરૂર છે. મહિલાઓ માટેના કાયદા કાગળો પર ન બોલે માટે સૌથી પહેલા આપણા સમાજને સશક્ત કરવું પડશે. આર્થિક, સામાજિક રીતે દબાયેલા કચડાયેલા લોકો સામે વધુ અન્યાય થાય છે એટલે અન્યાય સામે લડવા માટે આપણા સમાજને સશક્ત કરવુંજ રહ્યું







### પીડિત મહિલાઓને ડિપ્રેશનમાંથી બહાર લાવવા સાઇકોથેરાપી આપવી પડે

પિડીતા ઉપર થયેલ અત્યાચાર પર કેવી રીતે ઓવર કમ કરી શકાય તે અંગે વાત કરતાં બી.જે.મેડિકલ કોલેજના પ્રોફેસર ડો. પ્રગના સોરાણીએ જણાવ્યું હતું કે પહેલાની સરખામણીમાં સેક્સયુઅલ અબ્યૂઝના કેસો વધી ગયાં છે. આવા કેસો અને પીડિતાઓ સાથે સાવચેતી પૂર્વક વર્તવું પડે છે. જ્યારે મહિલાઓ ઉપર થયેલા અત્યાચારના બનાવોમાં તેઓને ડિપ્રેશનમાંથી બહાર લાવવા સાઈકોથેરાપી અને મેડિકેશન આપવું પડે છે.

Scanned by CamScanner